ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧ | ૧ એપ્રિલ, ૨૦૨૦, બુધવાર; ચૈત્ર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સહયોગ કરો નહિ તો એળે જશે : કેન્દ્રની ચેતવણી

**દેશમાં ૧૪૨૪ કેસ, ૩૯ મોત : મધ્યપ્રદેશમાં ૧૯, મહારાષ્ટ્ર-યુપીમાં ૫-૫ અને રાજસ્થાનમાં ૪ સંક્રમિત : હજુ કોમ્યુનિટી ટ્રાન્સમીશન નહિ**




ન્યુ દિલ્હી,તા.૩૧

ભારતમાં કોરોના વાઈરસ સામેની લડાઈમાં દેશવ્યાપી ૨૧ દિવસના લોકડાઉનમાં આજે સાતમા દિવસે પણ આ મહામારીના નવા પોઝીટીવ કેસો નોંધાયા છે. દિલ્હીના નિઝામુદ્દિન વિસ્તારના એક ધાર્મિક કાર્યક્રમમાં વર્તમાન મહામારીની વચ્ચે મોટી સંખ્યામાં લોકોની હાજરીને લઈને અને તેના કારણે કોરોનાના કેસો વધવાની શક્યતા સાથે અલગથી વિવાદ અને રાજકારણ શરૂ થયું છે. દરમ્યાનમાં, અલગ અલગ રાજ્યોના મળીને અત્યાર સુધીમાં કુલ ૧૪૧૯ કેસ નોંધાયા છે અને કોરોનાને કારણે મરનારાઓની સંખ્યા ૪૧ પર પહોંચી ગઈ છે. આજે મધ્યપ્રદેશમાં ૧૯, મહારાષ્ટ્ર-યુપીમાં ૫-૫ અને રાજસ્થાનમાં ૪ અને ગુજરાતમાં ૨ નવા સંક્રમિત કેસો બહાર આવ્યાં હતા. ખાસ કરીને દિલ્હીમાં નિઝામુદીન વિસ્તારમાં તબલગી સમુદાયના એક ધાર્મિક કાર્યક્રમમાં એકત્ર થયેલા અંદાજે બે હજાર લોકોમાંથી સંખ્યાબંધ કોરોનાના શિકાર બની શકે તેમ છે. આ કાર્યક્રમાં ભાગ લઈને પોતાના ઘરે જનારાઓ પૈકી ૧૦ના મોત થયા છે. ૪૦૦થી ૫૦૦ જણાંને

● અનુસંધાન પાના - ૭ પર

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૮,૧૦,૧૨૭ | ૧૫૫૦ | ૭૪ | ૧૧ |
| મૃત્યુ | ૩૯,૫૭૩ | ૩૯ | ૦૬ | ૦૦ |

## હાલ ભુલો શોધવાના બદલે જાન બચાવવા પર ધ્યાન આપીએ

**નિઝામુદીનમાં જમાતની લાપરવાહી પર આરોગ્ય મંત્રાલયની સ્પષ્ટતા : કોરોના વાયરસ બાદથી ઉભી થયેલી સ્થિતિને પહોંચી વળવાના તમામ પ્રયાસો થઇ રહ્યા છે : કોરોના હોટસ્પોટની સંખ્યા વધી રહી હોવાની કરાયેલી કબૂલાત**

નવીદિલ્હી, તા. ૩૧

તબલીગી જમાતના દિલ્હી સ્થિત નિઝામુદીન મર્કજ દેશમાં કોરોના વાયરસના નવા હોટસ્પોટ તરીકે ઉભરી ચુક્યું છે. અહીં જમાતમાં હિસ્સો લેવા માટે આવેલા લોકો મારફતે દેશના તમામ હિસ્સામાં કોરોના સંક્રમણના કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. નિઝામુદીનમાં જમાતની લાપરવાહી ઉપર આજે આરોગ્ય મંત્રાલય દ્વારા દેશમાં મચી ગયેલા હોબાળા વચ્ચે ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે, આ ભુલ શોધવા માટેનો સમય નથી. આરોગ્ય મંત્રાલય તરફથી આ સંદર્ભમાં પ્રશ્ન કરવામાં આવતા કહેવામાં આવ્યું હતું કે, આ સમયે ભુલ કાઢવા માટેનો નથી બલ્કે સ્થિતિને નિયંત્રિત કરવા માટે જરૂરી પગલા લેવાનો રહેલો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા આજે આંકડાકીય માહિતી આપવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, દેશમાં હજુ સુધી ૪૨૮૮૭ સેમ્પલોની તપાસ થઈ ચુકી છે. સોમવારના દિવસે



● અનુસંધાન પાના - ૭ પર

# તબલીગીથી યુપીમાં ટેન્શન વધ્યું

**તમામ લોકોના કોરોના ટેસ્ટ કરવાનો આદેશ : ૧૮ જિલ્લાના પોલીસ અધિકારીઓને કાર્યક્રમમાં પહોંચેલ લોકોની ઓળખ કરવાના હુકમ : યુપી સરકાર એક્શનમાં**

લખનૌ, તા. ૩૧

દિલ્હીના નિઝામુદીનમાં તબલીગી જમાતના ધાર્મિક કાર્યક્રમમાં સામેલ લોકોને કોરોનાથી મોત બાદ હાહાકાર મચી ગયો છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશના ડીજીપીએ ૧૮ જિલ્લાના પોલીસ અધિકારીઓને આ કાર્યક્રમમાં પહોંચેલા લોકોની શોધખોળ કરવા માટે આદેશ કરી દીધો છે. આના પરિણામ સ્વરુપે ચિંતા વધુ ગંભીર બની ગઈ છે. તબલીગી જમાતના કાર્યક્રમમાં સામેલ થયેલા લોકો પૈકી ૧૦ના કોરોનાથી મોત થઈ ચુક્યા છે. ઉત્તરપ્રદેશમાં ચિંતા વચ્ચે આયોજનમાં ૧૮ જિલ્લાઓથી લોકો સામેલ થયા હતા. યુપીના ડીજીપી દ્વારા કોવિડ-૧૯ ટેસ્ટ માટે આદેશ કર્યા છે. દિલ્હીના નિઝામુદીનમાં ૧૮મી માર્ચના દિવસે જમાતનો કાર્યક્રમ યોજાયો હતો. નિઝામુદીનમાં થયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં સામેલ થયેલા લોકો પૈકી ૧૦ના મોત થઈ ચુક્યા છે. નિઝામુદીન મર્કજમાં તબલીગી જમાતના ૨૫૦૦ લોકો ભેગા થયા હતા. આ જમાત સાથે જોડાયેલા અનેક વિદેશી લોકો લખનૌ,

● અનુસંધાન પાના - ૭ પર



## જાહેર ક્ષેત્રની ૧૦ બેંક માટેનું મર્જર આજથી અમલી કરાશે

**ઓબીસી અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયા પંજાબ નેશનલ બેંકમાં મર્જ થશે : સિન્ડિકેટ બેંક કેનેરા બેન્કમાં મર્જ કરાશે**




નવી દિલ્હી, તા. ૩૧

કોરોના વાયરસની ખતરનાક સ્થિતિ વચ્ચે ૧૦ જાહેર ક્ષેત્રની બેંકોની મર્જર પ્રક્રિયા આવતીકાલથી અમલી બનવા જઈ રહી છે. આ મર્જર થયા બાદ જાહેર ક્ષેત્રની બેંકોની સંખ્યા ૧૨ થઈ જશે. ૧૦ જાહેર ક્ષેત્રની બેંકો આવતીકાલથી ચાર બેંકોમાં બદલાઈ જશે. બેંકિંગ ક્ષેત્રમાં સૌથી મોટી કવાયત તરીકે આને ગણવામાં આવે છે. ઓગસ્ટ ૨૦૧૯માં સરકારે ૧૦ જાહેર ક્ષેત્રની બેંકોને ચાર બેંકોમાં મર્જર કરીને મોટી બેંકો બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ મર્જરની સાથે જ ભારતમાં જાહેર ક્ષેત્રની બેંકોની સંખ્યા ૨૭ના બદલે ઘટીને ૧૨ થઈ જશે. ૨૦૧૭માં જાહેર ક્ષેત્રની ૨૭ બેંકો હતી. એવી અટકળો ચાલી રહી હતી કે, કોરોના વાયરસની જટિલ સ્થિતિ વચ્ચે થોડાક સમય માટે આ કવાયતને મોકૂફ કરી દેશે પરંતુ આ પ્રકારની કવાયત જારી રાખવાનો નિર્ણય કરાયો છે. ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સ, યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંકમાં મર્જ થઈ જશે. આ મર્જર બાદ દેશની તે સૌથી મોટી બીજી બેંક બની જશે. એસબીઆઈ બાદ તે બીજા નંબરની સૌથી મોટી બેંક બનશે. સિન્ડિકેટ બેંક કેનેરા બેંકમાં મર્જ થઈ જશે. આની સાથે જ તે ચોથા નંબરની સૌથી મોટી બેંક બની જશે.

# કોરોનાથી વિશ્વ સ્તબ્ધ

**મોત આંક વધીને ૩૯૫૭૩ થયો : યુરોપના ઇટાલી બાદ હવે સ્પેનમાં પણ સ્થિતી બેકાબુ બની રહી છે : લોકડાઉન માટેના ધારાધોરણ વધુ કડક થયા : રિક્વર થયેલા લોકોની સંખ્યા ૧૭૨૫૩૧**


વોશિંગ્ટન, તા. ૩૧

કોરોના વાયરસના કારણે ૨૦૦ દેશો હવે સકંજામાં આવી ચુક્યા છે. મોતનો આંકડો અને કેસોની સંખ્યા સતત વધી રહી છે. સ્થિતીને કાબુમાં લેવા દુનિયાના દેશો મથામણ કરી રહ્યા છે. જો કે ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. સ્પેનમાં કેસોની સંખ્યા ૮૭૯૫૬ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો સ્પેનમાં

### પોઝિટિવ કેસ ૮ લાખને પાર

સ્થિતી બેકાબુ બનેલી છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા ૨૦૦ અસરગ્રસ્ત દેશોમાં વધીને સંયુક્ત રીતે ૭૮૫૮૦૭ સુધી પહોંચી ગઈ છે. જ્યારે મોતનો આંકડો વધીને ૩૭૮૨૦ સુધી પહોંચી ગયો છે. આવી જ રીતે રિક્વર થયેલા લોકોની સંખ્યા ૧૬૫૬૫૯ સુધી પહોંચી ગઈ છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ૭૭૧૬ સુધી પહોંચી ગયો છે. આવી જ રીતે ઈટાલીમાં કેસોની સંખ્યા ૧૦૧૭૩૯ સુધી પહોંચી ગઈ છે.

સૌથી અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા, ઈટાલી, ચીન, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ,




● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રી મોદીના માતૃશ્રી હિરાબાએ પ્રધાનમંત્રી કેર ફંડમાં પોતાની અંગત બચતના ૨૫ હજારનો ફાળો જાહેર કર્યો છે.
- ન્યૂયોર્કના ગર્વનરના ભાઈને કોરોના પોઝિટીવ જાહેર.
- સુરત મહાનગરપાલિકા દ્વારા હોમ કોરંન્ટાઈનનો ભંગ કરનારને ૨૫ હજારનો દંડ કરાયો.
- ઈટાલીમાં મંગળવારે જ ૪,૦૫૩ કેસ અને ૮૩૭ મૃત્યુ થતાં ભારે હાહાકાર.
- તબલીગી કામગીરીમાં આ વર્ષે ૨૧૦૦થી વધુ વિદેશી મહેમાનોએ મુલાકાત લીધી હતી. જેમાં ઇન્ડોનેશિયાના જ ૮૦૦ હતા.
- ઝારખંડમાં પ્રથમ કેસ નોંધાયો.
- મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં વધુ ૭૨ કેસ પોઝિટીવ આવતા રાજ્યનો પોઝિટીવ કેસનો આંકડો ૩૦૨ પર પહોંચ્યો.
- કુવૈતમાં ૮૨ વર્ષની વૃદ્ધા કોરોના પોઝિટીવ બાદ સારવાર દરમિયાન રીકવર થયેલાના અહેવાલે ભારે આશા જન્માવી.
- રીવાબા જાડેજાએ ૨૧ લાખ પ્રધાનમંત્રી રાહત ફંડમાં આપ્યા.
- રાજકોટનો પ્રથમ પોઝિટીવ કેસ આજે સ્વસ્થ જાહેર થતાં સોસાયટીમાં તેમનું સ્વાગત કરાયું.

## જહોન્સન એન્ડ જહોન્સનો કોરોનાની રસી બનાવ્યાનો દાવો

ન્યુ દિલ્હી,તા.૩૧

કોરોના વાયરસ સામે લડત લડવા માટે હવે દેશ દુનિયાની તમામ મોટી કંપનીઓ મેદાનમાં છે. જે કડીમાં આંતરરાષ્ટ્રીય કંપની જહોન્સન એન્ડ જહોન્સનનું નામ સામે આવ્યું છે. કંપનીએ દાવો કર્યો છે કે તેમના વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસની રસી તૈયાર કરી દીધી છે. આ રસીની ટ્રાયલ જલદી શરૂ થઈ જશે તેવી આશા છે.

જહોન્સન એન્ડ જહોન્સનનું કહેવું છે કે કંપનીએ બાયોમેડિકલ એડવાન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અથોરિટી (BARDA)ની સાથે મળીને જાન્યુઆરી ૨૦૨૦થી કોરોના વાયરસની રસી શોધવાના કામે લાગી હતી. ઊંડા રિસર્ચ બાદ કંપનીએ આ જીવલેણ વાયરસ સામે લડવા માટે રસી તૈયાર કરી છે. કંપનીનું કહેવું છે કે જલદી ટ્રાયલ પૂરી થયા બાદ સમગ્ર દુનિયામાં એક બિલિયન રસી તૈયાર કરીને વિતરણ કરશે.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કોરોના વાયરસની રસી તૈયાર કરવામાં અમેરિકા, ઈંગ્લેન્ડ અને રશિયન સરકાર પણ તનતોડ મહેનત કરી રહ્યાં છે. અમેરિકા પોતાની રસીનું ચીન, દક્ષિણ કોરિયા અને ફ્રાન્સમાં ક્લિનિકલ ટ્રાયલ કરી રહ્યું છે. જ્યારે ઈંગ્લેન્ડના ઓક્સફોર્ડમાં પણ રસી તૈયાર કરવાનો કાર્યક્રમ જોરશોરમાં ચાલુ છે.

## કોરોના સામેના જંગની સફળતાનો સંકેત આગામી સપ્તાહમાં જોવા મળશે

**કોરોના સામે જંગમાં સફળતા સંદર્ભે છઠ્ઠીએ માહિતી મળશે : આગામી સપ્તાહમાં કેસોની સંખ્યા ૧૫૦૦ સુધી મર્યાદિત રહેશે તો ચોક્કસપણે રાહત મળશે**

નવી દિલ્હી, તા. ૩૧

દેશમાં બે મહિના પહેલા કોરોના ઈન્ફેક્શનનો પ્રથમ કેસ સપાટી ઉપર આવ્યા બાદ કેસોની સંખ્યા સતત વધી રહી છે અને આંકડો ૧૩૦૦ સુધી પહોંચ્યો છે. કોવિડ-૧૯ બિમારી સતત ફેલાઈ રહી છે. ભારત એવા દેશોમાં સામેલ છે જ્યાં છેલ્લા સપ્તાહમાં દર્દીઓની સંખ્યા ૧૦૦૦ સુધી પહોંચી છે. છઠ્ઠી એપ્રિલના દિવસે પૂર્ણ થઈ રહેલા ચાલુ સપ્તાહ સુધી દર્દીઓની સંખ્યામાં વૃદ્ધિ પર નજર રાખવામાં આવી રહી છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા ૧૫૦૦ સુધી મર્યાદિત રહેશે કે કેમ તે મોટો પ્રશ્ન થઈ ગયો છે. છ એપ્રિલના દિવસે કોરોના સામે લડાઈ કેટલી સફળ રહી છે તે અંગે માહિતી મળી જશે. જો ૧૦૦૦ની સંખ્યા સ્પર્શ થઈ ગયા બાદ આવનાર સપ્તાહમાં દર્દીઓની સંખ્યામાં વધારો ચીન જેવો રહેશે તો દેશમાં આગામી સપ્તાહ સુધી ૯૦૦૦ સુધી આંકડો પહોંચી શકે છે પરંતુ આ વૃદ્ધિદર જાપાન જેવો રહેશે તો આગામી સપ્તાહ સુધી દર્દીઓની સંખ્યા ૧૫૦૦ સુધી રહી શકે છે. આવી સ્થિતિમાં ચિંતાજનક સ્થિતિ ઉભી થઈ રહી છે. કારણ કે, આંકડો ૧૫૦૦થી ઉપર પહોંચે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ૩૧મી તારીખ સુધી જ આંકડો ૧૩૦૦ સુધી પહોંચ્યો છે ત્યારે આ આંકડો છઠ્ઠી સુધી ૧૫૦૦થી નીચે રહે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. બીજી બાજુ ૧૦૦૦નો આંકડો પાર કરનાર ૪૨ દેશોમાં ભારત સામેલ છે. સવાલ એ થઈ ગયો છે કે હવે દેશમાં દર્દીઓની સંખ્યા કેટલી ઝડપથી વધે છે. પ્રથમ સપ્તાહમાં દેશવ્યાપી લોકડાઉનનો કેટલો ફાયદો થયો છે તેની પણ માહિતી મળશે. વિવિધ દેશોમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧૦૦૦ને સ્પર્શી ગયા બાદ કેટલી ઝડપથી વધ્યો છે તેને લઈને ભારતની સ્થિતિના સંદર્ભમાં છઠ્ઠી એપ્રિલે માહિતી મળી શકશે.

## સ્પેનમાં પણ કોરોનાના કેસ હવે ચીન કરતા વધુ નોંધાયા

**સ્પેનમાં કેસોની સંખ્યા વધીને ૮૭૯૫૬ થઇ : સ્પેનમાં અસરગ્રસ્ત થયેલા લોકો પૈકીના ૫,૨૩૧ લોકોની હાલત અતિ ગંભીર**




મેડ્રીડ, તા. ૩૧

દુનિયાભરમાં લાખો લોકોને સકંજામાં લઈ ચુકેલા કોરોના વાયરસના કારણે એકલા સ્પેનમાં મોતનો આંકડો ચિંતાજનક રીતે વધીને હવે ૭૭૧૬ સુધી પહોંચી ગયો છે. જ્યારે કેસોની સંખ્યા હવે વધીને હવે ૮૭૯૫૬ સુધી પહોંચી ગઈ છે. અમેરિકા, ઈટાલી બાદ હવે સ્પેનમાં પણ જીવલેણ કોરોના વાયરસના કેસો ચીન કરતા વધારે થઈ ગયા છે. જર્મનીમાં પણ ઝડપથી કેસો વધી રહ્યા છે. બીજી બાજુ જ્યાંથી કોરોના વાયરસની શરૂઆત થઈ હતી તે ચીનમાં સ્થિતીમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે.